# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-07-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# WEATHER OVERALL

રાજ્યમાં ગત 24 કલાકમાં 31 જિલ્લાના 153 તાલુકામાં વરસાદ વરસ્યો છે. આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 47 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. દરમિયાન હવામાન વિભાગે આગામી 11 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના આપી છે. દરમિયાના આજે સવારે અનેક જિલ્લામાં વરસાદ થયાના અહેવાલ છે.

તાપીના અમારા પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે, એક દિવસના વિરામ બાદ આજે ફરી વરસાદ શરૂ થયો. વ્યારા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો. વરસાદના કારણે ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

દેવભૂમિદ્વારકાના અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે, વાડીનાર વિસ્તારમાં ધોધમાર વરસાદમાં અનેક ઊંટ તણાઈ ગયા. તેની જાણ થતાં સ્થાનિક તંત્રએ ઊંટને બચાવવા દરિયામાં બચાવ અભિયાન હાથ ધર્યું. જોકે, આ ઘટનામાં અંદાજે પાંચ જેટલા ઊંટના મોત થયાના અહેવાલ છે.

દરમિયાન, વરસાદના કારણે અમદાવાદ જિલ્લામાં અસરગ્રસ્ત થયેલા માર્ગોના સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા જિલ્લાના કુલ 49 કિલોમીટર લંબાઈના રસ્તામાંથી 33 કિલોમીટરથી વધુ લંબાઈના માર્ગોનું સમારકામ પૂર્ણ કરાયું છે.

. . . . . . . . . . .

# KHARIF VAVETAR

રાજ્યમાં 50 ટકાથી વધુ વિસ્તારમાં ચોમાસું ખરીફ વાવેતર પૂર્ણ થયું છે. સૌથી વધુ અંદાજે 18 લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર કરાયું છે. જ્યારે 17 લાખ 10 હજાર હેક્ટર વિસ્તારમાં કપાસનું વાવેતર બીજા ક્રમે રહ્યું છે તેમ કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું છે. બીજી તરફ સાર્વત્રિક વરસાદન કારણે રાજ્યના 34 બંધ હાઈઅલર્ટ, 20 બંધ અલર્ટ અને 19 બંધ ચેતવણી પર મુકાયા છે. જ્યારે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધમાં હાલમાં તેની ક્ષમતાના 48 ટકા જેટલો જળસંગ્રહ ઉપલબ્ધ છે.

આ ચોમાસાની મોસમમાં સ્થાનિક વહીવટી તંત્ર, NDRF, SDRF દ્વારા અત્યાર સુધીમાં 10 જિલ્લામાંથી ચાર હજાર 278 નાગરિકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે. જ્યારે 685 લોકોને બચાવી લેવાયા છે.

. . . . . . . . . . .

# JAMNAGAR NIMNUK PATRA

જામનગરમાં સાંસદ પૂનમબેન માડમે મહાનગરપાલિકા દ્વારા કાયમી કરાયેલા ઓગણએંસી સફાઈકર્મીઓને નિમણૂકપત્રનું વિતરણ કર્યું. એમ. પી. શાહ મહાનગરપાલિકા સભાખંડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મહાપાલિકાના અધિકારીઓ, મેયર, સહિત આગેવાનો અને સફાઈ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**(બાઈટ- પૂનમબેન માડમ, સાંસદ)**

. . . . . . . . . . .

# BOTAD CYCLE YATRA

બોટાદ જિલ્લા વહીવટી વિભાગે આજે મેદસ્વિતામુક્ત અભિયાન હેઠળ બરવાળાથી સાળંગપુર સુધી સાયકલ યાત્રા યોજી. 15 કિલોમીટરની આ યાત્રા દરમિયાન મેદસ્વિતા દૂર કરવા લોકોને જાગૃત કરાયા. બોટાદના નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક અજીજ સૈયદે વધુ માહિતી આપી.

(બાઈટઃ અજીજ સૈયદ, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક, બોટાદ)

. . . . . . . . . . .

# SURENDRANAGAR KHANIJ CHORI

સુરેન્દ્રનગરમાંથી ગેરકાયદે રેતી ખનનને રોકવામાં તંત્રને સફળતા મળી છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, ચોટીલાના નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણા અને તેમની ટીમે ગત રાત્રે એક વાગ્યે અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય રાજમાર્ગ, ચોટીલા થાનગઢ માર્ગ અને આસપાસના અન્ય ગ્રામ્ય વિસ્તારમાં તપાસ હાથ ધરી.

દરમિયાન ગેરકાયદે રેતી, ફાયર ક્લે, ભરાલા કુલ સાત રૉયલ્ટી વગરના ઑવરલૉડ ડમ્પર સહિત કુલ બે કરોડ 80 લાખ રૂપિયા જેટલો માલસામાન કબજે કરાયો. તેમજ તમામ ડમ્પર માલિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ.

. . . . . . . . . . .